**સિંચાઇ વિભાગ હસ્તકના તળાવ, ડેમો, ચેકડેમો અને બંધારા ઉંડા કરતા નીકળતા ખનીજોના નિકાલ બાબત.**

ગુજરાત સરકાર
ઠરાવ ક્રમાંકઃ જીએમઆર-૨૦૧૩-૧૨૨૧-છ
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૭/૪/૨૦૧૩.

**વંચાણે લીધા:-**

(૧) ઉદ્યોગ અને ખાણ વિભાગનો તા.૨૦/૧/૦૭ નો ઠરાવ ક્રમાંકઃ એમએમઆર-૧૦૨૦૦૭-૧૬૦-છ

(૨) નર્મદા જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગનો તા.૨૨/૩/૨૦૧૩નો પત્ર ક્રમાંકઃ મુ.ઇ.(સૌ)-પીએસ-૧૮-૨૦૧૩.

(૩) ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ કમિશ્નર કચેરીનો તા.૨૫/૩/૨૦૧૩નો પત્ર ક્રમાંકઃ સીજીએમ-લીઝ-૧૩૫૫

**આમુખ:-**

તળાવોને ઉંડા કરવાથી નીકળતી સાદી માટી/સોફ્ટ મોરમ ખનીજોની રોયલ્ટી અંગેની નીતિ ઉદ્યોગ અને ખાણ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંકઃ (૧) ઉપરના તા.૨૦/૦૧/૨૦૦૭ના ઠરાવથી નક્કી કરવામાં આવેલ છે. નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના વંચાણે લીધેલ ક્રમાંકઃ (૨) ઉપરના પત્રથી સિંચાઇ યોજનાઓને ચોમાસા પહેલા ઉંડા ઉતારવાના કામોની યાદી પ્રાપ્ત થયેલ. આ પ્રકારે ડેમો/ચેકડેમો અને બંધારાને ઉંડા કરવાથી નીકળતા ખનીજોના નિકાલ માટે નીતિ કે માર્ગદર્શક સૂચનાઓ બહાર પાડવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે રાજ્ય સરકાર દ્વારા સિંચાઇ વિભાગ હસ્તકના તળાવો, ડેમો, ચેકડેમો અને બંધારાને ઉંડા કરતા નીકળતા ખનીજોના નિકાલ બાબતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

**ઠરાવ:-**

(૧) ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૦/૧/૨૦૦૭ના ઠરાવમાં દર્શાવેલ કામો/વિગતો માટે તળાવ, ડેમો, ચેકડેમો અને બંધારા ઉંડા કરતા નીકળતી સાદી માટી/કાંપ/મોરમ વગેરેનો ઉપયોગ કરવામાં આવે તો કોઇ રોયલ્ટી ભરપાઇ કરવાની રહેશે નહીં.

(૨) ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૦/૧/૨૦૦૭ના ઠરાવમાં દર્શાવેલ વિગતો સિવાયના કામોમાં જો આ ખનીજોનો ઉપયોગ કરવામાં આવે તો સંબંધિત અરજદાર/કોન્ટ્રાકટર જે તે જિલ્લાના ભુસ્તરશાસ્ત્રીની કચેરીમાં એડવાન્સ રોયલ્ટી ભરી રોયલ્ટી પાસ મેળવી નિયમાનુસાર પરમીટ મેળવીને તેનો ઉપયોગ કરી શકશે.

(૩) તળાવ ઉંડા કરવા સંબંધિત કામગીરીથી નીકળતા ખનીજોના ઉપયોગનું મોનીટરીંગ અથવા અન્ય બાબતોનું ધ્યાન સિંચાઇ વિભાગે રાખવાનું રહેશે અને તેનો પ્રગતિ અહેવાલ જિલ્લા ભુસ્તરશાસ્ત્રીશ્રીની કચેરીને કરવાનો રહેશે.

(૪) તળાવના ખોદકામ દરમ્યાન સાદી માટી/કાંપ/મોરમ સિવાયના કોઇ અન્ય ખનિજો મળી આવે તો જીલ્લા ભુસ્તરશાસ્ત્રીશ્રીને જાણ કરવાની રહેશે અને તેવા ખનિજોનો નિકાલ સક્ષમ સત્તાધિકારીની મંજૂરી બાદ કરી શકાશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંક ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૯/૪/૨૦૧૩ની નોંધથી મળેલ મંજુરીને અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(શ્રીદેવી શુકલ)
ખાસ ફરજ પરના અધિકારી
ઉદ્યોગ અને ખાણ વિભાગ.

પ્રતિ,

- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી, (ખાણ અને ખનીજ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી, પંચાયત અને ગ્રામગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી, નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, સરદાર સરોવર નર્મદા નિગમ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, ભુસ્તર વિજ્ઞાન અને ખનિજનું ખાતું, ગાંધીનગર.
- સર્વે કલેકટરશ્રીઓ (સીજીએમ દ્વારા)
- સચિવાલયના સર્વે વિભાગો,
- સર્વે મુખ્ય ઇજનેરશ્રીઓ, (નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ દ્વારા)
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- સર્વે જિલ્લા ભુસ્તરશાસ્ત્રીશ્રીઓ, કલેકટર કચેરી (ખનિજ શાખા) (સીજીએમ દ્વારા)
- એ.જી. કચેરી, અમદાવાદ અને રાજકોટ.
- પે એન્ડ એકાઉન્ટન્સ ઓફીસર, ગાંધીનગર.
- કોમ્પ્યુટર સેલ, ઉદ્યોગ અને ખાણ વિભાગ (વેબસાઇટ ઉપર અપલોડ કરવા)
- સિલેકટ ફાઇલ.